## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે “રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ” ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે તા.૧૫.૧૦.૨૦૨૦ ના રોજ “રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ”ની ઉજવણી કરવામાં આવેલ જે અંતર્ગત ફળ અને શાકભાજીની મૂલ્યવર્ધિત બનાવટોનું કૃષિ પ્રદર્શન તેમજ કૃષિ અને પશુપાલનને લગતી ક્વિઝ હરીફાઇ પણ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં અલગ અલગ ગામના ૫૩ મહિલા ખેડૂતોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રીઓમાં શ્રીમતિ ભાનુબેન રાઠોડ, જિલ્લા પંચાયત સભ્યશ્રી, આણંદ, શ્રીમતિ દીપીકાબેન પી. સીસોદીયા, તાલુકા પંચાયત સભ્યશ્રી, સોજીત્રા તથા શ્રીમતિ સગુણાબેન ડી. પટેલ, પ્રગતિશીલ મહિલા ખેડુત, ઇસરામા હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. જી.જી.પટેલ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ કૃષિમાં મહિલાઓનો ફાળો, તેમની અગત્યતા તેમજ મહિલાઓની કોઠાસૂઝ દ્વારા પરિવારમાં આગવું પ્રદાન બાબતે ચર્ચા કરી. શ્રીમતી સગુણાબેન પટેલ, પ્રગતિશીલ મહિલા ખેડુત, ઇસરામા દ્વારા શાકભાજીમાં ધરૂ ઉછેર દ્વારા આર્થીક ઉપાર્જન અને મહિલા સશક્તિકરણના સ્વઅનુભવ વર્ણવ્યા. ત્યારબાદ શ્રીમતી અંજલી એન. જાદવ, પ્રો.આસી.(ગૃ.વિ.) એ ખેડુત મહિલાઓ તથા બાળકોમાં કુપોષણ નિવારણ અંગે માહિતી આપી તથા બહેનોને ફલ, ફુલ અને શાકભાજીમાં મુલ્ય વર્ધન થકી આર્થિક ઉપાર્જન મેળવી શકે તે અંગે વિસ્તૃત ચર્ચા કરી. ત્યારબાદ કેન્દ્રના પશુપાલન વૈજ્ઞાનિક ડૉ. એસ.બી. કાટોલે એ સફળ પશુપાલનની ગુરુચાવીઓ તેમજ પશુપાલન દ્વારા ખેતિમાં થતા ફાયદાઓ વિશે માહિતી આપી. કાર્યક્રમના અંતે ડૉ. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક(એગ્રોનોમી) દ્વારા આભારવિધિ વ્યક્ત કરવામાં આવી.

ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી અંજલી એન. જાદવ, પ્રોગ્રામ આસીસ્ટન્ટ (હોમ સાયન્સ) તથા ડો. આર. એમ, પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા કરવામાં આવેલ.

# “મહિલા કિશાન દિવસ”ની ઉજવણીની ઝાંખીઓ



વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રીનું ઉદબોધન




પ્રગતિશીલ મહિલા ખેડુતના મંતવ્યો




પ્રગતિશીલ મહિલા ખેડુતના મંતવ્યો



કાર્યક્રમમાં ભાગ લેનાર ખેડુત બહેનો



પ્રદર્શનની મુલાકાત



ક્વિઝ હરીફાઇ